**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરમાં ૨૪ કલાકમાં ચાર માર્ગ અકસ્માત



## રાંધેજા ચોકડી પાસે પુરપાટ જતાં ટ્રેલરની અડફેટે બે બાળકો ચગદાઈ ગયા : મહાત્મા મંદિર નજીક એક્ટીવા ચાલક અધિકારી થાંભલા સાથે ટકરાતા મોતને ભેટ્યા : ઘ-૦ પાસે બાઈક સ્લીપ થતા ઘવાયેલા આધેડનું મૃત્યુ : ઘ-૧ પાસે કારની અડફેટે આશાસ્પદ યુવતિનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૭
રાજયના પાટનગર ગાંધીનગરના પહોળા માર્ગો પર માર્ગ અકસ્માતોની વણઝાર થઈ જવા પામી છે. છેલ્લા ચોવીસ કલાકમાં પાટનગરમાં અલગ અલગ ચાર સ્થળોએ સર્જાયેલા જીવલેણ માર્ગ અકસ્માતમાં પાંચ વ્યક્તિઓએ પોતાની કિંમતી જીંદગી ખોઈ છે. શહેરના ઘ-૧ સર્કલ પાસે ગત મોડી સાંજે આઈ-૧૦ કારની અડફેટે એક્ટીવા સવાર યુવતીનું મૃત્યુ નિપજ્યુ હતુ. તે ઉપરાંત આજે સવારે રાંધેજા ચાર રસ્તા પાસે ટ્રેલરની અડફેટે બે બાળકોના ચગદાઈ જવાથી કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હતા. તો બીજી તરફ મહાત્મા મંદિર રોડ પર એલઆઈસીના ઓફીસર એક્ટીવા પર જતાં હતા ત્યારે ધડાકાભેર થાંભલા સાથે ટકરાતા તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતુ. જ્યારે ઘ-૦ પાસે બમ્પ ન દેખાતા બાઈક સ્લીપ ખાઈ જવાથી ગંભીર રીતે ઘવાયેલા અમદાવાદના આધેડનું આજે બપોરે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યુ હતુ. આમ ૨૪ કલાકમાં ગાંધીનગરમાં ચાર અલગ અલગ અકસ્માતોમાં પાંચ વ્યક્તિના મૃત્યુ નિપજ્યા હોવાની ઘટનાઓ બનવા પામી છે.

મળતી વિગત મુજબ રાજસ્થાનથી મજુરીકામ અર્થે આવેલા પરીવારના બે બાળકોનું આજે સવારે રાંધેજા ચાર રસ્તા પાસે કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. ટાટા શો રૂમ પાસે મજુરીકામ કરતા દાદા અને તેમનો ૧૧ વર્ષિય પૌત્ર અનિલ રાજુભાઈ મોલેસલામ અને ૧૨ વર્ષિય આરીફ કનૈયાલાલ મદારી એક્ટીવા પાછળ બેસીને રાંધેજા ચાર રસ્તા પાસે આજે સવારે ચા પીવા માટે ગયા હતા. દાદા ચા ની કીટલીએ ચા પીવા ગયા ત્યારે બંને બાળકો એક્ટીવાને ધક્કો મારીને રોડ પર લાવી રહ્યા હતા તે દરમ્યાન ધસમસતી આવતી જીજે-૦૪.એટી.૮૭૫ નંબરની ટ્રેલરે એક્ટીવા સાથે બંને ફુલસમા બાળકોને અડફેટે લઈ લેતા બંને બાળકોનું ચગદાઈ જવાથી સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. તો બીજી તરફ ટ્રેલર ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ મામલે પેથાપુર પોલીસે રામસિંહ મોલેસલામની ફરીયાદ આધારે ટ્રેલરચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે. તે ઉપરાંત આજે બપોરે સેક્ટર-૨૨ના રહેવાસી અને થોડા સમયથી ચાંદખેડા રહેતા દિનેશભાઈ શાહ ગાંધીનગર એલ.આઈ.સી. બ્રાંચમાં એડમિનિસ્ટ્રેટીવ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. આજે બપોરે દિનેશભાઈ એક્ટીવા લઈને મહાત્મા મંદિર રોડ પરથી પસાર થતા હતા ત્યારે થાંભલા સાથે એક્ટીવા અથડાઈ જતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયેલા દિનેશભાઈનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યુ હતુ.

તે ઉપરાંત અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં રહેતા અને ફેબ્રીકેશનનું કામ કરતા આધેડ રામનયન ચૌહાણ ઘ-૦ પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન તેમને બમ્પ ન દેખાતા બાઈક સ્લીપ થઈ જતા ગંભીર રીતે ઘવાયા હતા. અઠવાડીયાથી હોસ્પિટલમાં જીવનમરમણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા રામનયન ચૌહાણનું આજે બપોરે સારવાર દરમ્યાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ ત્રણ જીવલેણ અકસ્માતો ઉપરાંત ગઈ રાત્રે ઘ-૧ સર્કલ પાસે કારની ટક્કરે શહેરની એક આશાસ્પદ યુવતીનું મૃત્યુ નિપજ્યુ હતુ. આમ ચાર અકસ્માતોમાં પાંચ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા હોવાની વિગતો સાંપડી છે.

## સિસિકા દ્વારા ૧ જૂને બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગરના કર્મશીલોની એક બેઠક મળી હતી. જેમાં ચૂંટણી સંદર્ભમાં પરસ્પર ધિક્કારની અને અભદ્રવાણી પ્રયોગોના બનાવોનું આગામી ચૂંટણીઓમાં પુનરાવર્તન અટકાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તે મુજબ ચુંટણી પંચના મોડેલ કોડ ઓફ કન્ડકટમાં સુધારાની જરુરિયાત અંગે ચર્ચા વિચારણા કરી રજુઆત કરવા માટે તા. ૧ જુનના રોજ સવારે ૯ કલાકે સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ પ્લોટ નં. ૭૯૦-એ સીનીયર સીટીઝન કાઉન્સિલ કચેરી ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર સિટિઝન કાઉન્સિલના પ્રમુખ અરૂણ બુચ દ્વારા રસ ધરાવતા સર્વે નગરજનો, વિવિધ સામાજીક સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓને બેઠકમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## પેથાપુર ચોકડી પાસેથી એક વોન્ટેડ બુટલેગર પકડાયો

ગાંધીનગર એલસીબી અને એસઓજીની ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવના ભાગરૂપે બાતમીદારો સક્રિય કરવામાં આવ્યા છે ત્યારે આજે વધુ એક નાસતો-ફરતો બુટલેગર પકડી પાડવામાં આવ્યો છે. ગાંધીનગર એસઓજીની ટીમે બાતમીના આધારે પેથાપુર સર્કલ પાસેથી આ નાસતા-ફરતા બુટલેગરને પકડીને ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી પીઆઇ જે.જી વાઘેલાની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેમની ટીમના કોન્સ્ટેબલ જગતસિંહને મળેલી બાતમીના આધારે પેથાપુર સર્કલ પાસેથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડયો હતો. બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના કટોસણ-ધનપુરા વિસ્તારમાં રહેતો કાળુભા પૃથ્વીસિંહ ઝાલા નામનો બુટલેગર હજુ નાસતો ફરે છે અને હાલ પેથાપુર ચોકડી પાસે ઉભો છે. આ બાતમીના આધારે એલસીબી-એસઓજીની ટીમ બાતમી વાળા સ્થળે પહોંચી ગઈ હતી અને નાસતા ફરતા આરોપી કાળુભાને દબોચી લીધો હતો. આરોપીની અટકાયત કરીને પેથાપુર પોલીસને આરોપી સોંપવા કવાયત હાથ ધરવામાં આવી છે.

## કમ્પ્યુટર શિક્ષકની ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો દ્વારા માંગ

### વર્ષ ૨૦૧૪ ટાટની પરીક્ષા બાદ હાલમાં બીજી વખત પરીક્ષા લેવાઈ હોવા છતાં સરકાર દ્વારા કમ્પ્યુટર શિક્ષકની ભરતી થઈ નથી

ગાંધીનગર, તા.૨૭
શિક્ષણનું સ્તર વધતું જઈ રહ્યુ છે ત્યારે ટેકનોલોજીનો ઉપયોગ પણ આજે જરુરી બન્યો છે ત્યારે શાળામાં બાળકોને કમ્પ્યુટરના શિક્ષણ સાથે સાથે અપડેટ કરવા પણ જરુરી બન્યા છે. સરકાર દ્વારા માધ્યમિક કક્ષાએથી વિદ્યાર્થીઓને ફરજીયાત કમ્પ્યુટર વિષયનું શિક્ષણ મળી રહે તેવું આયોજન થાય તો દરેક વિદ્યાર્થી કમ્પ્યુટરથી વાકેફ રહી શકે પરંતુ ગુજરાતના કમ્પ્યુટર સ્નાતક તથા બી.એડ.ની લાયકાત ધરાવતા તેમજ ટાટ પાસ કમ્પ્યુટર શિક્ષકની ભરતી માટેના ઉમેદવારોની ભરતી હજુ થઈ નથી તેમની ભરતીનું આયોજન વર્ષ



૨૦૧૪ ટાટના પરિણામ બાદના પાંચ વર્ષ થવા આવ્યા હોવા છતાં નથી થયું અને હાલમાં બીજી વખત ટાટની પરીક્ષા લેવાઈ અને પરિણામ આવ્યું છતાં અને દરેક લાયકાત ઉમેદવારો દ્વારા વારંવાર નિવેદનો આપ્યા હોવા છતાં ભરતી નથી કરવામાં આવી.

કમ્પ્યુટરના સ્નાતક, બી.એડ.ની લાયકાત ધરાવતા તેમજ ટાટ પાસ કમ્પ્યુટર શિક્ષકની ભરતી માટેના ઉમેદવારો દ્વારા સરકાર તરફ માંગ ઉઠવા પામી છે કે રાજયની ૭૨ મોડેલ સ્કુલ જયાં કમ્પ્યુટરનો પૂર્ણ કાયમી શિક્ષક હોવો જોઈએ ત્યાં અને રાજયની તમામ સરકારી શાળામાં કમ્પ્યુટર શિક્ષકની ભરતી થાય, રાજયની તમામ સરકારી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કે જયાં ચાર વર્ગો હોય ત્યાં સરકારના પ્રવર્તમાન રેશિયા બહાર દર ચાર વર્ગે એક કમ્પ્યૂટર શિક્ષકની ભરતી કરવી તેમજ કમ્પ્યૂટર શિક્ષકની ભરતી માટેના પ્રવર્તમાન વિનિયમની જાણ બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓને કરવી અને તે અંગે પરિપત્ર બહાર પાડવા.

## આજે ગાંધીનગર ખાતે તથા દહેગામ ખાતે ૨૯મીએ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૭
જિલ્લાના રોજગાર વાંચ્છુક યુવાનોને ઉત્તમ રોજગારી પ્રાપ્ત થાય અને સ્વનિર્ભર બને તેવા આશયથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા વિવિધ એકમોમાં વિવિધ પોસ્ટ માટે સીધી જગ્યાઓ ભરવા માટેનો રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૮મી મે ૨૦૧૯ના રોજ સવારના ૧૧ કલાકે બલરામ મંદિર પરિસર, કલેકટર કચેરી સામે સેકટર-૧૨ ગાંધીનગર ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે.

તેમજ તા. ૨૯મી મે ૨૦૧૯ના રોજ સવારના ૧૧ કલાકે દહેગામ તાલુકાનો ભરતી મેળો મહાસુખલાલની વાડી, બરફની ફેકટરી પાસે, ભારત પેટ્રોલ પંપ પાસે, દહેગામ ખાતે યોજાશે. આ બંને ભરતી મેળામાં ધો-૧૦ પાસ/નાપાસ, ૧૨ પાસ, આઈટીઆઈ (તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજયુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર જેમ કે કોપા, બીકોમ, બીસીએ ઉમેદવારો ભાગ લઈ શકશે. ભરતી મેળામાં આવનાર ઉમેદવારોએ તેઓનો બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે રાખવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## ઈન્ડિયન લાયન્સ અને ઈન્ડિયન લાયોનેસના હોદ્દેદારોની વરણી

### ઈન્ડિયન લાયન્સના પ્રમુખ પદે રાધશ્યામ યાદવ તથા ઈન્ડિયન લાયોનેસના પ્રમુખ પદે શિલ્પા દેસાઈની વરણી





રવિવારે શહેરની સંસ્થા ઈન્ડિયન લાયન્સ અને ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખોની વરણી તેમજ શપથવિધી સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ પદે રાધેશ્યામભાઈ યાદવ તથા ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ પદે પુનઃ શિલ્પાબેન દેસાઈની નિયુકિત કરવામાં આવી હતી. આ સાથે બંને પ્રમુખોની ટીમની પણ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના નેશનલ ચેરેમન તથા મુખ્યમંત્રીના જનસંપર્ક અધિકારી હિતેશભાઈ પંડયા, ઈન્ડિયન લાયન્સના વાઈસ ચેરમેન આશાબેન પંડયાએ હાજરી આપી હતી. સમારંભના સમાપને બંને ટીમ તથા હોદ્દેદારોએ શપથગ્રહણ કર્યા હતા. જે માટે શપથ પુરોહિત તરીકે અક્ષયભાઈ ઠકકર, દર્શનાબેન ભટ્ટ અને કૂંપલબેન દવેએ સેવાઓ આપી હતી.

## પીડીપીયુની સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજીના ૧૧ વિદ્યાર્થીઓને રૂ. ૨૦.૪૦ લાખના વાર્ષિક પેકેજની ઓફર

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ





યુનિવર્સિટી સંલગ્ન સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી ખાતે યોજાયેલા કેમ્પસ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુમાં પેટ્રોલિયમ એન્જિનીયરીંગમાં બી.ટેક. થયેલા ૧૧ વિદ્યાર્થીઓને ઓએનજીસી દ્વારા રૂ. ૨૦.૪૦ લાખના વાર્ષિક પગાર ઓફર કરવામાં આવ્યા છે. પીડીપીયુની એસપીટીના ૭૩ ટકા વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થવા પામ્યું છે. હજુ ઓએનજીસી ઉપરાંત ગુજરાત ગેસ, અદાણી ગેસ, એસ્સાર ઈ એન્ડ પી, ટેક મહિન્દ્રા જેવી કંપનીઓ કેમ્પસ ઈન્ટરવ્યુ માટે આવવાની છે.

પીડીપીયુની સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજીના વિદ્યાર્થીઓને કેમ્પસ ઈન્ટરવ્યુમાં રૂ. ૫.૫૦ લાખથી માંડીને રૂ. ૨૦.૪૦ લાખ સુધીના વાર્ષિક પેકેજ મળવા પામ્યા છે. આ સાથે વૈશ્વિક કન્સલ્ટિંગ કંપની પ્રોટિવિટી દ્વારા બે વિદ્યાર્થીઓને મિડલ ઈસ્ટમાં કામ કરવા માટે પણ ઓફર કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓને રૂ. ૧૬.૬૦ લાખના વાર્ષિક પેકેજ સાથે યુએઈના અબુધાબી ખાતે જોબ ઓફર કરાઈ છે. કેમ્પસ ઈન્ટરવ્યુમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એકસોન મોબીલ, શેલ બીઝનેસ, ઓપરેશન્સ, નાયરા એનર્જી, એલ એન્ડ ટી ટેકનોલોજી, ટોરેન્ટ ગેસ, એસ એન્ડ પી ગ્લોબલ તથા અન્ય કંપનીઓનો સમાવેશ થાય છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરના આજીવન સભ્યોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં લેવાયેલી ધોરણ- ૧ થી ૯ની વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ માર્કસ મેળવનાર પૌત્ર પૌત્રીઓને સન્માનવાનો કાર્યક્રમ જુલાઈ ૨૦૧૯માં યોજાનાર છે. સંસ્થાના સભ્યશ્રીઓએ પાત્રતા ધરાવતા પૌત્ર પૌત્રીઓની માર્કશીટની નકલ સાથે પેન્શનરનું નામ, આજીવન સભ્યક્રમાંક, ફોન નંબર, સંતાનના પિતાનું નામ-સરનામું, વિદ્યાર્થીનો પેન્શનર સાથેનો સંબંધ, મેળવેલ ટકા, ગ્રેડ વિગેરે માહિતી તા. ૧૦મી જુન સુધીમાં સેકટરના પ્રતિનિધિને અચુક આપવી તેમ પ્રવર મંત્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવેલ છે.

## શહેરના ઘ-૦ થી ઘ-૧ વચ્ચે સ્પીડ બ્રેકર બનાવવાની માંગણી

ગાંધીનગર, તા.૨૭
શહેરના માર્ગો પર થતા અકસ્માતને લીધે પ્રજા ચિંતિત બની છે. પાછલા દિવસોમાં ઘણા અકસ્માત શહેરમાં થઈ ગયા છે ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુ. કાઉન્સિલર પાયલબેન વી.મેણાત દ્વારા ઘ-૦ થી ઘ-૧ રોડ, સે-૩ ન્યુ અને સે-૩ને જોડતી ચોકડી પાસે બમ્પ બનાવવા માટેની સરકારને વિનંતી કરવામાં આવી છે.

શહેરના ઘ-૦ થી ઘ-૧ રોડ ઉપર સે-૩ ન્યુ અને સે-૩ને જોડતી ચોકડી પાસે બમ્પના અભાવને કારણે અવારનવાર અકસ્માતો સર્જાય છે. જેનું રાહદારીઓને જોખમ રહે છે. આ અંગે ઘ-૦ થી ઘ-૧ રોડ ઉપર સે-૩ ન્યુ અને સે-૩ને જોડતા ત્રણ રસ્તા ઉપર સ્પીડ બ્રેકર બનાવી અકસ્માતની સંભાવના ઘટાડવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુ કાઉન્સિલર પાયલબેન વી.મેણાત દ્વારા સરકારને વિનંતી કરવામાં આવી છે.

### ચિરવિદાય

- સ્વ. ઠાકોર રેવાબેન આતાજી, ઉ.વ. ૭૯

# સુરત અગ્નિકાંડના માસુમોને ગાંધીનગરની ભાવભીની શ્રધ્ધાંજલિ..!!!

ગાંધીનગર, તા.૨૭
સુરતમાં તાજેતરમાં ગોઝારી ઘટના સર્જાઈ જેમાં કિશોરવયના બાળકો આગમાં હોમાઈ ગયા. આ ઘટનાથી સમગ્ર રાજયમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. એક તરફ નાગરિકોને બેજવાબદાર તંત્ર તથા માત્ર નાણાં રળવાની હાટડીઓની જેમ ટયુશન કલાસીસ ચલાવતા સંચાલકો પ્રત્યે રોષની જવાળાઓ ભભુકી રહી છે. તો બીજી તરફ કાળમુખી ઘટનામાં સાંભળતા પણ કંપારી છુટી જાય તેવા દર્દનાક મૃત્યુ પામેલા બાળકો જેમાં દિકરીઓની સંખ્યા વધુ છે તેમના પરિવાર પ્રત્યે સંવેદનાના આંસુ ઘોડાપુરની જેમ વહાવી









રહ્યા છે. ગાંધીનગરમાં પણ સુરતની આ ઘટનાને પગલે તંત્ર સફાળુ જાગ્યું છે અને આવી કોઈ દુઃખદ ઘટના ના સર્જાય તે માટે કડક હાથે કાર્યવાહી શરુ કરી છે. જયારે બીજી તરફ પાટનગરના પ્રબુધ્ધ અને સંવેદનશીલ નાગરિકોએ સોમવારે સાંજે સિવિલ હોસ્પિટલથી ઘ-૪ સર્કલ સુધીની મૌન રેલી યોજી સુરતના કમભાગી હુતાત્માઓને શ્રધ્ધાંજલિ પાઠવી હતી. રેલીના સમાપને ઘ-૪ સર્કલે પહેલા પ્રાર્થના કરવામાં આવી હતી ત્યારબાદ મૌન પાળવામાં આવ્યું હતું. આ મૌન રેલીમાં ગાંધીનગરની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, શહેર વસાહત મહામંડળ, જુનિયર સિટીઝન કાઉન્સિલ, હેપ્પી યુથ કલબ તથા સહયોગ મંડળ સહિત વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, સભ્યો તેમજ અન્ય નાગરિકો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ રેલી તથા શ્રધ્ધાંજલિ કાર્યક્રમ દરમિયાન રાહદારીઓ તથા ઘ-૪ સર્કલે સાંજે ફરવા આવેલા સહેલાણીઓ પણ જોડાયા હતા. કાર્યક્રમના સમાપન બાદ વિવિધ સંસ્થાના હોદ્દેદારો-સભ્યો જેઓ તેમના વાહનો સિવિલ હોસ્પિટલ કેમ્પસના મેડિકલ ઓડિટોરિયમના પાર્કિંગમાં મુકીને રેલીમાં જોડાયા હતા તેમને પરત લઈ જવા પોલીસે તેમના વાહનની સુવિધા પુરી પાડી માનવીય અભિગમ પ્રદર્શિત કરતા આયોજકોએ પોલીસનો આભાર માન્યો હતો.